# ૨ પોટલાં ટપકે ટપ્પ

J8Z4Z2

## ચાલો, ગાઈએ ગીતડું :



પેલા પંખીને જોઈ મને થાય
એના જેવી જો પાંખ મળી જાય
તો આભલે ઊડ્યા કરું, બસ ઊડ્યા કરું



ઘડિયાળમાં દસ વાગે
ટન... ટન.... ટન... ટન...
બા મને ખોળવા લાગે :
બચુ ક્યાં? બચુ ક્યાં? બચુ ક્યાં?
હું તો આભલે ઊડ્યા કરું,
ઊંચે ઊંચે ઊડ્યા કરું.



પેલા ડુંગરાની ટોચે
મારી પાંખ જઈ પહોંચે
બા ઢીંગલી જેવાં!
બાપુ ઢીંગલા જેવા!



નાનાં, નાનાં, નાનાં, નાનાં
જોઉં હું તો છાનામાના
આભલે ઊડ્યા કરું.

- પિનાકીન ત્રિવેદી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ વાર્તા વાંચો :

## વાદળાંની ગમ્મત

ગુલાબી ઠંડી હતી. પવન ધીમે ધીમે વાતો હતો. કૂકડો કૂકડેકૂક કરતો હતો. તે વખતે કેટલાંક વાદળાંને આકાશમાં ફરવા નીકળવાનું મન થયું.

એક નાનું વાદળું બોલ્યું : ''આ રાત અહીંથી જાય તો અંધારું મટે. આપણે સારાં સારાં કપડાં પહેરી ફરવા જઈએ ને ગમ્મત કરીએ.''

એક મોટા વાદળાએ દીવો સળગાવ્યો. બધાં વાદળાંએ કપડાં પહેરવા માંડ્યાં.

રાતાં, પીળાં, ગુલાબી, જાંબલી-એમ રંગબેરંગી કપડાં પહેરીને વાદળાં ફરવા નીકળ્યાં.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે સૂર્યોદય થાય છે.

દીવાની જ્યોત મોટી થઈ એટલે કેટલાંક વાદળાં પીળાં ને ફિક્કાં થઈ જવા લાગ્યાં. એમણે પેલા મોટા વાદળાને આ વિશે ફરિયાદ કરી. મોટા વાદળાએ કહ્યું : બધાં વાદળાં ભેગાં થઈ જાઓ અને દીવાને કહી દો કે એનું એકલાનું અહીં રાજ નથી.

બધાં વાદળાં ભેગાં થઈ જવા માંડ્યાં. ઘણાં વાદળાં ભેગાં થઈને એક મોટા પહાડ જેવા કાળાં વાદળાંની પાછળ જઈને બેઠાં.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે આકાશ ઘેરાવા લાગ્યું.

પણ દીવાનું તેજ પૂરું ઢંકાયું નહીં. પેલા મોટા વાદળાએ પવનને મદદે બોલાવ્યો.

પવનને તો એ જ ગમતું હતું. એણે એનું કામ શરૂ કરી દીધું.

નીચેથી લોકો કહેવા લાગ્યાં કે વાવાઝોડું આવ્યું.

હવે વાદળાં પવનની ગાડીમાં બેસી દોડવા લાગ્યાં.

આકાશમાં દોડાદોડી, પડાપડી ને ધમાચકડી થઈ રહી. ધોળાં, પીળાં ને બીજાં નાનાં વાદળાંને મોટા વાદળાએ પોતાની ઓથે લઈ લીધાં. બધે કાળું-કાળું થઈ ગયું. દીવો તો કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો!

પોતાની જીતથી વાદળાની આંખો ચમકવા લાગી.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે વીજળી ઝબૂકવા માંડી.

એકબીજાની સામે આંખો ચમકાવતાં વાદળાં પેલા દીવાની સામે જોરથી હસવા લાગ્યાં; ખૂબ જોરથી ખડખડાટ હસવા લાગ્યાં. નીચેથી લોકો કહેવા લાગ્યા કે આકાશ ગાજવા માંડ્યું. અને આ મોટી જીતના આનંદમાં વાદળાં એટલું હસ્યાં, એટલું હસ્યાં, એટલું હસ્યાં કે એમની આંખોમાંથી આનંદની ધારાઓ વહેવા લાગી. ધરતી પરના લોકો કહેવા લાગ્યા કે, 'વરસાદ વરસવા માંડ્યો.'

પછી હરીફરી, ગમ્મત કરી, બધાં વાદળાં પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં. ધરતી પરના લોકો કહેવા લાગ્યાં કે ''વરસાદ હવે બંધ થયો.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. વાદળાંએ એવું શું કર્યું જે તમને સૌથી વધુ ગમ્યું?

૨. વાર્તામાં જે વાક્ય તમને સૌથી વધુ ગમ્યું હોય તેની નીચે લીટી કરો.

૩. તમને વાદળાંનું કયા રંગનું કપડું સૌથી વધુ ગમ્યું?

૪. તમે વાદળું હો તો તમે શું શું કરો?

૫. સૂર્ય ઊગે ત્યારે આકાશમાં અને ધરતી પર શું શું થાય?

૬. વાદળું ક્યાં વરસે તો તમને સૌથી વધુ ગમે?

૭. તમે વાદળાંનો ગડગડાટ સાંભળો ત્યારે તમને આકાશમાં શું થતું હોય તેવું લાગે છે?

૮. પવન ખૂબ જોરથી ફૂંકાય ત્યારે શું શું ઊડે?

## સાચું હોય તો ✓ કરો. ખોટું હોય તો ✗ કરો.

૧. કેટલાંક વાદળાંને ધરતી પર ફરવા જવાનું મન થયું. ☐

૨. વાદળાં રંગબેરંગી કપડાં પહેરીને ફરવા નીકળ્યાં. ☐

૩. વાદળાં એક પહાડની પાછળ જઈને બેઠાં. ☐

૪. મોટા વાદળે નાનાં વાદળાંને પોતાની ઓથે લઈ લીધાં. ☐

૫. વાદળાં બડબડાટ હસવા લાગ્યાં. ☐

## એક જ શબ્દમાં ઉત્તર લખો.

૧. વાદળાં ભેગાં થઈને કોની પાછળ જઈને બેઠાં? ________

૨. વાદળાં કોની ગાડીમાં બેસીને દોડવા લાગ્યાં? ________

૩. વાદળાંએ દીવો સળગાવ્યો ત્યારે નીચેથી લોકો શું થયું એમ કહેવા લાગ્યા? ________

૪. ધરતી પરના લોકોએ વીજળી ઝબૂકે છે એમ કહ્યું ત્યારે વાદળાં શું કરતાં હતાં? ________

૫. પવને પોતાનું કામ શરૂ કર્યું તેથી ધરતી પર શું આવ્યું? ________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નીચેનાંમાંથી સાચા અર્થવાળા વાક્ય સામે ✓ કરો.

૧. **ગુલાબી ઠંડી હતી.**

- [ ] ગુલાબી રંગની ચાદર ઓઢીને ઠંડી આવી હતી.
- [ ] મઝા પડે એવી ઠંડી હતી.
- [ ] ખૂબ વધારે ઠંડી હતી.

૨. **સૂર્યોદય થયો.**

- [ ] સૂર્યને લોકોની દયા આવતી હશે.
- [ ] સૂર્ય ઊગ્યો હશે.
- [ ] સૂર્ય અને ઉદયનો ઝઘડો થયો હશે.

૩. **વાદળાં પવનની ગાડીમાં બેસી દોડવા લાગ્યાં.**

- [ ] પવનના ધક્કાથી વાદળ ઝડપથી ખસતાં હતાં.
- [ ] વાદળાં દોડતાં હતાં.
- [ ] પવનની ગાડી ખૂબ જ ઝડપથી ચાલતી હતી.

## વાક્યોને વાર્તા પ્રમાણે ગોઠવવા ક્રમ આપો.

[૭] વરસાદ વરસવા માંડ્યો.

[ ] બધાં વાદળાંએ કપડાં પહેર્યાં.

[ ] વાદળાં ખૂબ મોટા કાળા વાદળાની પાછળ ભેગાં થઈ ગયાં.

[ ] વાદળાંની આંખો ચમકવા લાગી.

[૧] કૂકડો કૂકડેકૂક કરતો હતો.

[ ] વાદળાં આકાશમાં દોડવા લાગ્યાં.

[ ] સવાર થઈ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ આવું થાય ત્યારે તમને શું થાય એનો ક્રમ ☐ માં લખો.

(૧. વાવાઝોડું આવ્યું હોય એવું લાગે, ૨. વરસાદ આવ્યો એવું લાગે, ૩. સૂર્યોદય થયો એવું લાગે, ૪. વીજળી થાય એવું લાગે.)

| | | |
|---|---|---|
| ૧. | વાદળાંના હાથીએ સૂંઢથી મોટા ફૂંફાડા કર્યા. | ☐ |
| ૨. | આકાશમાં મોટી ટ્યૂબલાઇટ ચાલુ થઈ. | ☐ |
| ૩. | ગુસ્સે થઈ વાદળાં ઝઘડ્યાં. | ☐ |
| ૪. | વાદળાંએ દીવાળી ઊજવી. | ☐ |
| ૫. | આખી ધરતી પર ફેલાય એવડો ફુવારો છોડ્યો. | ☐ |
| ૬. | આગિયાંઓએ બરણીમાં મીટિંગ કરી. | ☐ |
| ૭. | ઉપર કોઈએ મોટો નળ ચાલુ કર્યો. | ☐ |
| ૮. | આકાશની પરીઓએ વાળ ધોયા. | ☐ |

- **ચાલો, ગાઈએ ગીતડું :** પેલા પંખીને જોઈ મને થાય....

## ⬡ રીડિંગ ક્રિકેટની રીતે 'વાદળાંની ગમ્મત' વાંચો.

## ⬡ મોટેથી વાંચો :

નાનકડો મેહુલ વરસાદ સાથે વાતો કરે છે : 'વરસાદભાઈ, ઓ વરસાદભાઈ! થોડીવાર રમવાનું અટકાવીને મારી વાત સાંભળો ને! કેમ છો તમે? આ બધા કહે છે કે વરસાદ પડે છે. તે હેં! તમને વાગતું નથી? હું પડું તો તો ખૂબ વાગે! તમે જમીન પર પડો છો ત્યારે સરસ અવાજ આવે છે. તમે તો જાતજાતના અવાજ કાઢી શકો છો. નળિયાં પર પડો ત્યારે જુદો અવાજ પતરાં પર પડો ત્યારે ખનખન જેવો, જાણે ઝાંઝરનો અવાજ અને પાણીમાં પડો ત્યારે તો ટપ ટપ ટપ... તમને બારીના સળિયા પર ને ઝાડનાં પાંદડાં પર ઝૂલતાં મેં જોયા છે. સૂરજદાદાનું અજવાળું તમારા પર પડે ત્યારે તો તમે મસ્ત સ્મિત કરો છો. અચ્છા! પણ એ તો કહો તમે ક્યાંથી આવો છો? તમે મને ત્યાં લઈ જશો?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બાળકોને 'વાક્ય' કોને કહેવાય તેની સરળ સમજ આપવી.

**આ ફકરામાંથી તમને ગમતાં બે વાક્યોનું અનુલેખન કરો.**

**જે વાક્ય હોય તેની પાછળ પૂર્ણવિરામ મૂકો અને ☐ માં 'છે' લખો; વાક્ય ન હોય તેની પાછળ ☐ માં 'નથી' લખો.**

**ઉદા.** અમને વાર્તા સાંભળવાની મજા પડી. | છે |

૧. અમે રોજ સાંજે બાગમાં ફરવા ☐

૨. ઉનાળામાં તો અમને ખૂબ જ ગરમી ☐

૩. બધાં વાદળાં પાણી ભરીને આવ્યાં ☐


૪. મારે ઍરોપ્લેનમાં બેસી દિલ્લી જવું છે ☐

૫. દિલ્લી પહોંચી હું કુતુબમિનાર જોવા ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત :



રિમઝિમ રિમઝિમ વરસી ફોરાં,
ધરતી પર તો આવ્યાં છે.
કોણે આ ફોરાંના પગમાં,
ઝાંઝરિયાં પહેરાવ્યાં છે!
થાય મને કે દોડી દોડી,
આંગણમાં જઈ આવું હું.
સાવ ટબૂકલાં એ ફોરાંને,
ખોબામાં લઈ આવું હું,
કોણ દેશથી આવે ફોરાં?
કોણ દેશ એ જાશેજી
ઝળહળ ઝળહળ સૂરજ-તેજે
મરક મરક મરકાશે જી.
કોણ તને મોકલતું ફોરાં?
કોણ તને બોલાવે છે?
અલકમલકથી આવી પાછું
અલકમલક તું જાવે છે!

- કાન્તિ કડિયા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી વાંચો :

૧. **ફોરાં** -

(૧) થોડાંક ફોરાં પડ્યાં અને છોકરાં નહાવા દોડી ગયાં.

(૨) નાનકડો કીકુ ખુશ થઈ ગયો કારણ કે એની નાનકડી હથેળીમાં એણે આછા વરસાદનાં ફોરાં ઝીલ્યાં.

૨. **ટબૂકલાં** -

(૧) ટબૂકલાં છોકરાં વરસાદમાં દોડાદોડી કરતાં હતાં.

(૨) છ મહિનાનો બકુડો બધાંને એટલો વહાલો લાગતો કે એ ટબૂકલા છોકરાને સૌ રમાડતાં રહેતાં.

## વાતચીત :

૧. આ ગીતની કઈ બે પંક્તિ તમને ખૂબ ગમી?

૨. વરસાદ સાથે વાત કરવાની હોય તો તમે તેને શું કહો?

૩. વરસાદ આવે ત્યારે તમે શું શું કરો છો?

૪. જો વરસાદનાં ટીપાં તમને પોતાની પીઠ પર બેસાડીને ક્યાંક લઈ જવાનું કહે તો તમે ક્યાં જવાનું પસંદ કરશો?

૫. વરસાદ પડે ત્યારે કેવો કેવો અવાજ આવે છે?

## સાચાં વાક્યોની સામે  દોરો અને ખોટાં વાક્યોની સામે  દોરો.

૧. વરસાદનાં ટીપાં વરસતાં વરસતાં આવ્યાં છે. ☐

૨. વરસાદનાં ફોરાં નાનાં-નાનાં છે. ☐

૩. નાનાં નાનાં ટીપાં ઝળહળ ઝળહળ કરતાં આવે છે. ☐

૪. ટીપાં દોડી-દોડીને આવે છે. ☐

૫. વરસાદનાં ફોરાં હસતાં હસતાં આવે છે. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી ગાઓ :

પંક્તિઓનું ઝીલગાન કરાવો.

થાય મને કે દોડી દોડી
આંગણમાં જઈ આવું હું
સાવ ટબૂકલાં એ ફોરાંને,
ખોબામાં લઈ આવું હું.

## અભિનય કરો.

વિદ્યાર્થીઓને અત્યારે વરસાદ પડી રહ્યો છે એવું ધારવા કહો. ત્યારબાદ વર્ગખંડની બહાર જઈ પોતપોતાના ખોબામાં વરસાદના ફોરાંને ઝીલીને લઈ આવતા હોય તેવો અભિનય કરવા કહો.

- સૂરજનો તડકો ન હોય અને વાદળાં હોય ત્યારે વરસાદ પડે છે એ તમને કેવો દેખાય છે?
- વાદળાં હોય - સૂર્ય વાદળાંની પાછળ ઢંકાઈ ગયો હોય અને આછો - આછો તડકો આવતો હોય ત્યારે ફોરાં પડે એ તમને કેવાં દેખાય છે?

બંનેમાંથી ક્યારે ફોરાં હસે છે એવું લાગે છે? તો હવે તમે પણ ફોરાં જેવું હસોને!

## સરખા અક્ષરો વારંવાર આવે એવા શબ્દો કવિતામાંથી શોધીને લખો. આવા અન્ય શબ્દો પણ જાણીને લખો અને મોટેથી બોલો.

| | | |
|---|---|---|
| અલકમલક | | |
| | | |
| | | |

## સાથે બોલીએ.

| | | |
|---|---|---|
| - ટગર ટગર | - રિમઝિમ રિમઝિમ | - ઝરમર ઝરમર |
| - લઘરવઘર | - ઝળહળ ઝળહળ | - ઊલટસૂલટ |
| - મરકમરક | - કલબલ કલબલ | - ઊથલપાથલ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઝડપથી, ધીમેથી અને મોટેથી આ શબ્દો વારંવાર બોલાવવા.

● **ગૃહકાર્ય**

તમને આ કવિતાનો જે ટુકડો ગાવાની સૌથી વધુ મજા આવી હોય એ તમારા ઘરના સભ્યોને સંભળાવજો.

**એક હોય ત્યાં એક અને એકથી વધુ હોય ત્યાં વધુ લખવું.**

૧. મેં તળાવમાં ચાર બતક જોયાં. [ ]
૨. વાંદરાને કેળાં ભાવે છે. [ ]
૩. પાણીમાં બતક તરતું હતું. [ ]
૪. ઝાડ પર વાંદરો બેઠો છે. [ ]
૫. ગામમાં ઘણાં ઢોર હોય છે. [ ]

**૧૮ જુઓ, વાંચો, સરખાવો.**


૧. એક કાગડો બેઠો છે. ચાર કાગડા ઊડે છે.



ઉદા. એક — કાગડો
એક કરતાં વધુ — કાગડા



૨. આ ટોપલીમાં એક ઈંડું છે. માળામાં ત્રણ ઈંડાં છે.







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૩. છોકરીના હાથમાં ભમરડો છે.




દુકાનમાં ભમરડા છે.




૪. એક ફુગ્ગો ઊડી ગયો.



બે ફુગ્ગા રહી ગયા.



## સાચા વાક્યની સામે ✓ ની નિશાની કરો.




અહીં બે માટલું છે. ☐

અહીં બે માટલાં છે. ☐



ત્યાં ત્રણ ચકલીઓ છે. ☐

ત્યાં ત્રણ ચકલી છે. ☐



ચાર વાંદરા છે. ☐

ચાર વાંદરું છે. ☐

મારા પપ્પાએ મને મારું ગમતું પુસ્તકો ભેટમાં આપ્યું. ☐

મારા પપ્પાએ મને મારું ગમતું પુસ્તક ભેટમાં આપ્યું. ☐

મેં તળાવમાં બતક જોયાં. ☐

મેં તળાવમાં બતક જોયું. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા વાંચો :

સૃજન અને પ્રદ્યોત બે પાક્કા ભાઈબંધ. જ્યારે પણ ભેગા થાય, કંઈક અવનવું કરે, આજે એમણે વાર્તા બનાવવાનું વિચાર્યું. વાર્તાનું એક <u>વાક્ય</u> સૃજન બોલે ને એના પછીનું પ્રદ્યોત બોલે. બંને વાક્ય જોડવાની એવી રમત રમ્યા કે જેથી વાર્તા બને.

પહેલો વારો સૃજનનો આવ્યો.

સૃજન : એક મોટી નદી હતી.

પ્રદ્યોત : એ નદીના કિનારે ઘણાં <u>વૃક્ષો</u> હતાં. એક વિશાળ વડલો પણ હતો.

સૃજન : વડની તો વડવાઈઓ હોય ને! એના હીંચકા ખાવાની મજા પડે.

પ્રદ્યોત : અને એ વડના <u>ઝાડ</u> પર પક્ષીઓના માળા હતા. એક માળો એવો હતો જેમાં એક

કાબર રહેતી હતી.

સૃજન : આ કાબર કલબલ કરીને આજુબાજુનાં ઝાડ પરથી અન્ય કાબરોને બોલાવે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્રદ્યોત : વડલાની નીચેના દરમાં એક વાતોડિયણ કીડી રહેતી હતી. તેની બાજુના દરમાં મંકોડો રહેતો હતો.

સૃજન : એ કીડી અને મંકોડો દરમાંથી બહાર નીકળીને કાબરબહેન સાથે વાતો કરે.

પ્રદ્યોત : કાબર આકાશની વાતો કરે ને કીડી-મંકોડો દરની વાતો કરે.

સૃજન : એક વખત બન્યું એવું કે ચોમાસામાં ખૂબ વરસાદ પડ્યો. આ નદીમાં તો પૂર આવ્યું.

પ્રદ્યોત : એટલું બધું પૂર આવ્યું કે, એ બંનેના દરમાં પાણી ઘૂસી ગયું.

સૃજન : કાબરો કલબલાટ કરવા માંડી, નદીઓ છલકાવા લાગી... એવામાં ત્યાં સર... સર... સર... તરતો મગર આવ્યો... એણે કહ્યું ફિકર ના કરો. ચાલો બધાં મારી પીઠ પર બેસી જાઓ. આપણે કોઈ ઊંચા પહાડ પર જતાં રહીએ.

પ્રદ્યોત : પછી તો કીડી-મંકોડાએ અન્ય કીડીઓ અને મંકોડાઓને બોલાવ્યા.

સૃજન : એટલું જ નહીં કાનખજૂરા ને વીંછીઓ પણ આવ્યાં.

પ્રદ્યોત : બધાં મગરની પીઠ પર બેસી ગયાં. ગામનાં લોકો તો આ કૌતુક જુએ ને અચરજ પામે! આવું દૃશ્ય આજ પહેલાં એમણે ક્યારેય જોયું ન હતું.

સૃજન : અને મગરની પીઠ પર સવારી કરનાર જીવજંતુઓને તો જે મઝા પડી છે જે મઝા પડી છે કે ના પૂછો વાત!

બાળકોને પૂછો કે આ બધાં પ્રાણીઓ ફરતાં ફરતાં શું જોતાં હશે, માણસો શું કહેતાં હશે. આગળ કલ્પના કરવા બાળકોને પ્રોત્સાહિત કરો. હવે બાળકોને જૂથમાં બેસાડો. વાર્તા આગળ વધારવા કહો. દરેક જૂથમાંથી એક એક વિદ્યાર્થીને પોતાના જૂથમાં બનાવેલી વાર્તા વર્ગ સમક્ષ રજૂ કરવા કહો. દરેક જૂથની વાર્તાનાં સારાં પાસાં લઈ સમગ્ર વર્ગની એક વાર્તા બનાવડાવો. આ રીતે અન્ય વાર્તાઓનું સર્જન કરાવો.

**વાર્તામાં લીટી કરેલ શબ્દો જો એક કરતાં વધુ માટે હોય તો તેની નીચે બીજી લીટી દોરો. આ શબ્દો નીચે લખો.**

| ઉદા. એક | એક કરતાં વધુ | એક | એક કરતાં વધુ |
|---|---|---|---|
| વાક્ય | વાક્યો | | |
| | | | |
| | | | |





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું :** પેલા પંખીને જોઈ મને થાય...

**લખો.**









Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વાર્તામાંથી જે શબ્દમાં દ્ય, દ અને સૃ આવતો હોય એ શોધો અને નીચે લખો.

## આ શબ્દો વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| વિદ્યા | ઉદ્ધત | સૃજન |
| સૃષ્ટિ | વિદ્યાર્થી | સૃષ્ટિકર્તા |
| દૃષ્ટિ | વિદ્યુત | દૃષ્ટિક્ષેત્ર |
| દૃશ્ય | દૃઢતા | દૃષ્ટિહીન |
| ઉદ્યમ | દૃષ્ટાંત | સૃષ્ટિવિજ્ઞાન |

## હસો :

- રીંકુએ ઉતાવળમાં એક બૂટ ઊંધો પહેર્યો એટલે બૂટની ટૉચ અવળી દિશામાં થઈ. રીંકુએ ગભરાઈને બૂમ પાડી : 'મમ્મી, મારા પગ આડાઅવળા થઈ ગયા છે!'
- ''બેટા મોહન, તું પાછો ગંદા પગ લઈને પથારીમાં પડ્યો?''

  ''બા, હું બીજા પગ ક્યાંથી લાવું?''

•

દઈ દેને પાંખ મને તારી
ઓ પંખીડા દઇ દેને પાંખ મને તારી.
મારે જોવી છે આભની અટારી
ઓ પંખીડા, દઇ દેને પાંખ મને તારી.
વૃક્ષોની ડાળી પર ઝૂલી ઝૂલીને મારે
ગાવાં છે મધમીઠાં ગીત
બાગ ને બગીચામાં ઊડતાં રે ઘૂમતાં,
કરવી છે ફૂલડાં શું પ્રીત,
ચાંદા ને સૂરજને તારાનાં ઝળહળતાં
જોવાં છે રૂપ ધારી....ધારી......દઈ દેને.......



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in